GJPT030016862024

सत्यमेव जयते

| ચાણસ્માના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં | |
|---|---|
| | **રજુ તાઃ–** ૧૭/૦૭/૨૦૨૪<br>**દાખલ તાઃ–**૦૬/૦૮/૨૦૨૪<br>**ફોજદારી કેસ નં.–૧૨૮૯/૨૦૨૪**<br>**ગુ.ર.નં.–**૧૧૨૧૭૦૦૬૨૪૦૭૭૫/૨૦૨૪<br>**ફેસલ તાઃ–**૦૧/૦૮/૨૦૨૬<br>**આંકઃ–૫૬** |
| **ફરિયાદી** | કુલાભાઇ ગેમરભાઇ દેસાઇ. |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એ.જે.ગોસ્વામી |
| **આરોપીઓઃ–** | **(૧) અજય ગાભાજી ગલબાજી ઝાલા, ઉ.વ.૨૪,**<br>**રહેવાસી :– રામપુરા, ચાંદાપાટી, તા.ચાણસ્મા, જી.પાટણ.**<br>**(૨) અજીતભાઇ અશોકભાઇ કેશાભાઇ દેવીપુજક, ઉ.વ.૨૨,**<br>**મુળ રહેવાસી :– ખાંભેલ, તા.બેચરાજી, જી.મહેસાણા.** |
| આરોપીઓ તરફે | વિ.વ. શ્રી એસ.સી.પટેલ. |

## –// **ફોર્મ–બી** //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૧૨/૦૭/૨૦૨૪ થી તા.૧૩/૦૭/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૭/૦૭/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૦૬/૦૮/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૮/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૨૭/૧૧/૨૦૨૪ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૧/૦૮/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૧/૦૮/૨૦૨૬ |

| | |
|---|---|
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// આરોપીઓની વિગત //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજય ગાભાજી ગલબાજી ઝાલા, | ૨૧/૭/૨૦૨૪ | ૨૨/૭/૨૦૨૪ | બી.એન.એસ.કલમ–૩૦૩(૨), ૩૧૭(૨) તથા ૫૪ મુજબ. | નિર્દોષ ઠરાવેલ છે | – | – |
| ૨ | અજીતભાઇ અશોકભાઇ કેશાભાઇ દેવીપુજક, | ૨૧/૭/૨૦૨૪ | ૨૨/૭/૨૦૨૪ | | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૧૫ | કુલાભાઇ ગેમરભાઇ દેસાઇની જુબાની. | ફરિયાદી |
| ૨ | ૧૮ | મોતીભાઇ નાગજીભાઇ દેસાઇની જુબાની. | પંચ સાહેદ |
| ૩ | ૨૦ | શાંન્તીલાલ ઇશ્વરભાઇ પટેલની જુબાની. | પંચ સાહેદ |
| ૪ | ૩૫ | પ્રભુરામભાઇ વિરચંદદાસ પટેલની જુબાની. | સાહેદ. |
| ૫ | ૪૮ | પટેલ કૌશિકકુમાર હરગોવનભાઇની જુબાની. | પંચ સાહેદ. |
| ૬ | ૫૦ | પટેલ અજીતભાઇ મોતીભાઇની જુબાની. | પંચ સાહેદ. |
| ૭ | ૫૧ | ભરતકુમાર સંગ્રામભાઇ ચૌધરીની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરિયાદ. |
| ૨ | ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩ | ૪૯ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ. |
| ૪ | ૫૨ | ડેપ્યુટ હુકમ. |
| ૫ | ૫૩ | ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ–૬૩(૪)(સી) ની સર્ટીફીકેટ. |

**– :: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૧૨/૦૭/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ થી તા.૧૩/૦૭/૨૦૨૪ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમીયાન મોજે ચવેલી ગામે આ કામના ફરીયાદીશ્રી કુલાભાઈ ગેગરભાઈ દેસાઈ, રહે.ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણવાળાના માંજે ચવેલી ગામે આ કામના ફરીયાદીશ્રી કુલાભાઈ ગેમરભાઈ દેસાઈ, રહે.ચયેલી, તા.ચાણસ્મા, જી.પાટણવાળાના મોજે ચવેલી ગામની સીમમા જોડમ આંટામા આવેલ બોર ઉપરથી બોરની ઓરડીથી બોર સુધીનો આશરે ૮૦ ફૂટ જેટલો કેબલ વાયર આશરે કિ.રૂા.૧૬,૦૦૦/– નો આરોપી અજય ગાભા ગલબા જાતે ઝાલા, ઉ.વ.૨૪.રહે. રામપુરા, ચાદાપાટી, તા. ચાણસ્મા, જી.પાટણવાળાએ તથા કાયદાના સઘર્ષમાં આવેલ આરોપી કિશોર કુલદીપ ગાભાજી ગલબાજી ઝાલા, ઉ.વ.૧૭ વર્ષ અને ૧૦ માસ રહે. રામપુરા,તા.ચાણસ્મા, જી.પાટણવાળાએ ચોરી કરી લઈ જઈ વેચી તેમજ આરોપી અજીતભાઈ અશોકભાઈ કેશાભાઈ જાતે દેવીપૂજક ઉ.વ.૨૨, રહે.હાલ ચાંદનીચોક, મોઢેરા, તા.બેચરાજી, જી.મહેસાણાવાળા ચોરીનો માલ હોવાનુ જાણતો હોવા છતા સસ્તા ભાવે વેચાણથી રાખી તેમજ ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરી, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૦૬ તથા આંક–૦૭ થી આરોપીઓની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવમાં આવેલ છે.જેમાં

આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ કે, તેઓ આરોપીઓ જે ભંગારનો ધંધો કરે છે અને આરોપીઓ ચોરીનો માલ કે ચોરી કરવા ગયેલ હોય એવુ બનેલ નહી હોવાનું જણાવેલ છે. '' આ સિવાય આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને બચાવના સાહેદ તપાસેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**(૪)** ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૨/૦૭/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ થી તા.૧૩/૦૭/૨૦૨૪ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમીયાન મોજે ચવેલી ગામે આ કામના ફરીયાદીશ્રી કુલાભાઈ ગેગરભાઈ દેસાઈ, રહે.ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણવાળાના માંજે ચવેલી ગામે આ કામના ફરીયાદીશ્રી કુલાભાઈ ગેમરભાઈ દેસાઈ, રહે.ચયેલી, તા.ચાણસ્મા, જી.પાટણવાળાના મોજે ચવેલી ગામની સીમમા જોડમ આંટામા આવેલ બોર ઉપરથી બોરની ઓરડીથી બોર સુધીનો આશરે ૮૦ ફૂટ જેટલો કેબલ વાયર આશરે કિ.રૂા.૧૬,૦૦૦/- નો આરોપી અજય ગાભા ગલબા જાતે ઝાલા, ઉ.વ.૨૪, રહે. રામપુરા, ચાદાપાટી, તા. ચાણસ્મા, જી.પાટણવાળાએ તથા કાયદાના સઘર્ષમાં આવેલ આરોપી કિશોર કુલદીપ ગાભાજી ગલબાજી ઝાલા, ઉ.વ.૧૭ વર્ષ અને ૧૦ માસ રહે. રામપુરા, તા.ચાણસ્મા, જી.પાટણવાળાએ ચોરી કરી લઈ જઈ વેચી તેમજ આરોપી અજીતભાઈ અશોકભાઈ કેશાભાઈ જાતે દેવીપૂજક ઉ.વ.૨૨, રહે.હાલ ચાંદનીચોક, મોઢેરા, તા.બેચરાજી, જી. મહેસાણા વાળા ચોરીનો માલ હોવાનુ જાણતો હોવા છતા સસ્તા ભાવે વેચાણથી રાખી તેમજ ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨), ૩૧૭(૨) તથા ૫૪ મુજબનો

સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

**(૭)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક-૧૫ થી ફરીયાદી કુલાભાઇ ગેમરભાઇ દેસાઇ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને જોડમ આંટાવાળા ખેતર આશરે પોણા ત્રણ વિઘાનું આવેલ છે અને ત્યાં આગળ આવેલ બોરમાં તેઓ વીસ ભાગીદાર છે અને જે બોર મફાભાઇ રબારીના નામે ચાલે છે અને બોર ઓપરેટર તરીકે પ્રભુરામભાઇ વિરચંદદાસનાઓ બોર ત્રણેક વર્ષથી ચલાવે છે અને તેઓ તથા બીજલભાઇ દેસાઇ બંને જણા ગઇ તારીખ ૧૩/૭/૨૦૨૪ ના રોજ આશરે સાંજના છ વાગ્યાના સુમારે બોર સહી સલામત હતા અને તા.૧૪/૭/૨૦૨૪ ના રોજ સવારના આઠ વાગે તેઓ તેમના બોર ઉપર ગયેલા તો તેમના બોરનો કેબલ વાયર બોરની ઓરડીથી બોર સુધીનો આશરે ૮૦ ફુટ જેટલો કેબલ જણાઇ આવેલ નહી જેથી આ કેબલ કોઇ અજાણ્યો ઇસમ ચોરીને કરીને લઇ ગયેલ હોય તેવુ લાગેલ જે કેબલ વાયરની કિં.રૂા.૧૬૦૦૦/- ની હતી જે બાબતી તેઓએ આંક-૧૬ વાળી ફરીયાદ આપેલી જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને પોલીસે તેમનું વિશેષ નિવેદન લીધેલુ અને ત્યાર બાદ તેઓને જાણવા મળેલ કે તેમના ખેતરમાં કેબલ ચોરી કરનાર આરોપી હોવાનુ જણાવેલ છે.

જયારે ફરીયાદીની આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી, બનાવની તેઓને કોઇ જાત માહીતી નથી, ફરીયાદ ચાર દિવસ મોડા કર્યા અંગેનો કોઇનું કારણ તેઓએ ફરીયાદમાં જણાવેલ નહી, ફરીયાદ આપ્યા પછી પોલીસે તેઓને બનાવના બે દિવસ પછી વધારાના નિવેદન અર્થે બોલાવેલા, તેઓ પોલીસ સ્ટેશન ખાતે ગયેલ ત્યારે પોલીસે ફરીયાદ લખી લીધેલ અને તેઓએ તેમાં સહી કરેલી હોવાનું જણાવેલ છે.

(૮) વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૧૮ થી પંચ સાહેદ મોતીભાઇ નાગજીભાઇ દેસાઇ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આશરે છ એક મહીના પહેલા ચાણસ્મા પોલીસે તેઓને બોલાવાથી તેઓને ચવેલી ગામની સીમમાં મફાભાઇ લાખાભાઇ રબારીના ખેતરમાં બનાવેલ બોર ઉપર આવીને હાજર થયેલા અને સદર જગ્યાએ ઈસમ હાજર હોય જેનું પંચ રૂબરૂ નામ પુછતા પોતે પોતાનું નામ પ્રભુદાસ વીરચંદદાસ પટેલ રહેવાસી ચવેલી વાળા હાજર હોય જેવો આગળ ચાલી આ કામે ગુના વાળી જગ્યા બતાવતા હોય જે જોતા મોજે ચવેલી ગામની સીમમાં મફાભાઇ લાખાભાઇ રબારીના ખેતરમાં બનાવેલ બોર ઉપર આવેલ છે સદર જગ્યાએથી ૮૦ ફુટ જેટલા કેબલ વાયરની ચોરી થયેલાનું જણાવેલ અને સદર આંક- ૧૯ થી ગુનાવાળી જગ્યાનું તેમની હાજરીમાં તેમના લખાવ્યા મુજબનું પંચનામું લખેલ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, સદર કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે તેઓને બપોરના બે વાગ્યે સ્થળ પર બોલાવેલ હતા. સદર કામે પંચનામું આશરે અડધો પોણો કલાક જેટલો સમય ચાલલુ. તેઓ પંચનામું કરવા માટે બનાવ સ્થળે ગયેલા ત્યારે તેમના સાથે શાંન્તીલાલ ઈશ્વરભાઇપટેલ તથા પ્રભુરામભાઇ તથા બે પોલીસ સ્ટાફના માણસો તથા પી.એસ.આઇ. શ્રી ચૌધરી સાહેબ તેમની સાથે હતા. તેઓને પંચમાં રહેવા માટે બોરના ભાગીદાર પરિસ્થિતીથી સારી રીતે વાકેફ છે.

(૯) વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૧૮ થી પંચ સાહેદ શાન્તીલાલ

ઈશ્વરભાઈ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આશરે છ એક મહીના પહેલા ચાણસ્મા પોલીસે તેઓને બોલાવાથી તેઓને ચવેલી ગામની સીમમાં મફાભાઈ લાખાભાઈ રબારીના ખેતરમાં બનાવેલ બોર ઉપર આવીને હાજર થયેલા અને સદર જગ્યાએ ઈસમ હાજર હોય જેનું પંચ રૂબરૂ નામ પુછતા પોતે પોતાનું નામ પ્રભુદાસ વીરચંદદાસ પટેલ રહેવાસી ચવેલી વાળા હાજર હોય જેવો આગળ ચાલી આ કામે ગુના વાળી જગ્યા બતાવતા હોય જે જોતા મોજે ચવેલી ગામની સીમમાં મફાભાઈ લાખાભાઈ રબારીના ખેતરમાં બનાવેલ બોર ઉપર આવેલ છે સદર જગ્યાએથી ૮૦ ફુટ જેટલા કેબલ વાયરની ચોરી થયેલાનું જણાવેલ અને સદર આંક-૧૯ થી ગુનાવાળી જગ્યાનું તેમની હાજરીમાં તેમના લખાવ્યા મુજબનું પંચનામું લખેલ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, સદર કામે તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા માટે તેઓને કઈ તારીખે અને કેટલા વાગે બોલાવેલા તે તેઓને હાલ યાદ નહી. સાહેદ જણાવે છે કે, બપોર પછી બોલાવેલ હતા. સદર કામે પંચનામું આશરે બે કલાક જેટલો સમય ચાલેલુ. તેઓ પંચનામું કરવા માટે બનાવ સ્થળે ગયેલા ત્યારે તેમની સાથે મોતીભાઈ દેસાઈ તથા બોર ઓપરેટર તેમની સાથે હાજર હતા.તેઓને પંચમાં રહેવા બોરના ભાગીદારોનાઓ બોલાવેલા હતા. એ વાત ખરી હોવાની જણાવે છે કે, ચવેલી ગામનો હોય ચવેલી ગામની ભૌગોલીક પરિસ્થિતીથી સારી રીતે વાકેફ છે, પંચનામું પોલીસે જાતે તૈયાર કરી અને તેમાં પાછળથી તેમની પંચ તરીકે સહી લઈ લીધેલી.

**(૧૦)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૩૫ થી સાહેદ પ્રભુભાઈ વીરચંદદાસ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમના ચવેલી ગામમાં આવેલ મફાભાઈ લાખાભાઈ રબારી નાઓના પોણાત્રણ વિઘા જોડમ આંટામાં ખેતર આવેલ છે જે ખેતરમાં તેઓનો બોર બનાવેલ છે જે બોરનો ઓપરેટર તરીકે તેઓ કામ કરે છે અને આશરે એકાદ વર્ષ પહેલા સાંજના આશરે છ વાગ્યાના અરસામાં તેઓ તથા તેમના પત્ની બોર ઉપરથી ઘરે આવવા નીકળેલ તે વખતે બોર સહી સલામત હતો અને બીજા દિવસે સવારના આશરે સાડા આઠેક

વાગ્યાના અરસામાં તેઓ બોર ઉપર ગયેલ તો ત્યાં તેમના ગામના તથા બોરના ભાગીદાર કુલાભાઇ ગેમરભાઇ રબારી તથા બીજલભાઇ એમ બંને જણા હાજર હતા અને તેઓએ તેમને ગઇ કાલ સાંજના છ વાગ્યાના અરસમાં તેઓએ બોર ઉપર બોરનો કેબલ જોયેલ તો તે સહી સલામત હતો અને આજરોજ સવારના કલાક ૦૮/૦૦ વાગે બોરે આવી જોયેલ તો બોરનો કેબલ વાયર બોરની ઓરડીથી બોર સુધીનો અશરે ૮૦ ફુટ જેટલો કેબલ જણાઇ આવેલ નહી વિગેરે મતલબની હકીકત જણાવેલી ત્યાર બાદ કેબલ વાયરની ચોર ઇસમની તપાસ કરેલી અને આ બાબતની ફરીયાદ થતા પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે,બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી કે બનાવ અંગેની તેઓને કોઇ જાત માહીતી નથી, પોલીસે ફકત તેમનું માત્ર નામ ઠામ પુછેલુ તે સિવાય બીજુ કઇ પુછેલ નહી.

**(૧૧)** આ કામે આંક-૪૮ થી પંચ સાહેદ પટેલ કૌશિકકુમાર હરગોવનભાઇ નાઓને તથા આ કામને આંક-૫૦ પંચ સાહેદ અજીતભાઇ મોતીભાઇ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસ થયેલા છે. સદર પંચ સાહેદોની જુબાની દરમિયાન આંક-૪૯ થી મુદ્દામાલ રીકવરી પંચનામું રજૂ કરેલ છે. સદરહું પંચ સાહેદો પોતાના પંચનામાની હકીકતને સમર્થન નહીં કરતા ફરિયાદ પક્ષે પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ પણ સદર પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી ફરિયાદ પક્ષ ઉપરોક્ત જણાવેલ પંચનામું સાબિત કરી શકેલા નથી.

**(૧૨)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૫૧ થી સાહેદ/ ત.ક.અ. ભરતકુમાર સંગ્રામભાઇ ચૌધરી નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ગઇ તારીખ ૧૭/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચાણસ્મા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. નાઓએ સદર ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સારુ ડેપ્યુટ હુકમથી તેઓને સોંપેલી જે તપાસ સંભાળી લીધા બાદ કાગળોનો અભ્યાસ કરેલો અને

ત્યારબાદ બાતમીના આધારે આરોપી મળી આવેલા અને ત્યાર બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલો અને ત્યારબાદ આરોપીને નોટીસ આપી જામીન મુકત કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ જે મુદ્દામાલ ચોરી ગયા હતા તેની રીકવરી માટે પંચનામુ કરેલ જે પંચોના લખાવ્યા મુજબ તારીખ ૨૨/૭/૨૦૨૪ ના રોજ લખી લીધેલુ જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામા બાબતેનું ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર રજુ કરેલ અને ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ અનેઆરોપીઓ પૈકી આરોપી કુલદીપ ગાભાજી ઝાલા નાઓ બાળ કિશોર હોય તેઓનું અલગથી ચાર્જશીટ જુવેનાઇલ કોર્ટમાં કરેલ જણાવેલ હોવાનું જણાવેલ છે.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, જ્યારે તેઓને તપાસ સોંપવામાં આવી ત્યારે તેઓએ કેસ પેપર્સનો અભ્યાસ કરેલો, બનાવ બન્યા અગાઉથી બનાવવાળી જગ્યાના ભૌગોલિક વિસ્તારથી તેઓ પરીચીત છે, ફરિયાદીએ તેની ફરિયાદમાં તથા સાહેદોએ તેઓના નિવેદનમાં કયા સર્વે નંબરમાં બોર આવેલ છે તે જણાવેલ નથી, આ કામના તપાસના કામે કોઈ જમીનના ઉતારા કબ્જે કરેલ નથી, બનાવ નજરો નજર જોયેલા હોય તેવા કોઈ સાહેદો તપાસના કામે દર્શાવેલ નથી, ફરિયાદીના ફરિયાદમાં કે સાહેદોના નિવેદનમાં કોઈ આરોપીનું નામ લખાવેલ નથી.

**<u>પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

**(૧૩).** આમ આ કામે ઉપરોકત વિગતે રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં સૌ પ્રથમ તો ફરીયાદ પક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે ફરીયાદીના બોર ઉપરની ઓરડીથી બોર સુધીનો આશરે ૮૦ ફુટ કેબલ વાયરની ચોરી આ કામના આરોપીએ જ ચોરી કરેલ હોય તે બાબતે ફરીયાદીએ પોતાના પુરાવામાં કોઈ સચોટ આધાર પુરાવા કે તે સબંધે કોઈ નજરે જોનાર સાહેદનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની આંક–૧૫ ની ફરીયાદ જોવામાં આવે તો તેઓએ ફરીયાદીની ફરીયાદને

અનુરૂપ જુબાની આપેલ છે પરંતુ હાલના આરોપીઓને ચોરી કરતા જોયેલ હોય તેવી કોઇ  હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી તેમની ઉલટતપાસમાં બનાવ તેઓએ નજરો નજર જોયેલ નહી હોવાનું તથા બનાવની તેઓને કોઇ જાત માહીતી નહી હોવાનું જણાવેલ છે.વધુમાં આ કામે ફરીયાદીએ સદર ફરીયાદ મોડી આપવાનું પણ કોઇ કારણ જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની સરતપાસ તથા ફરીયાદ જોતા હાલની ચોરી આ કામના આરોપીએ જ કરેલ તેવો કોઇ નકકર પુરાવો રજુ રાખેલ નથી જેથી હાલની ચોરી આ કામના આરોપી એ કરેલ છે તેવુ સ્પષ્ટ માની શકાય નહી. વધુમાં આ કામે ગુનાવાળી જગ્યાના તપાસેલ બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે પરંતુ માત્ર ગુનાવાળી જગ્યા ઉપરથી હાલના આરોપીઓ દ્વારા જ ચોરી કરવામાં આવેલ હોય તે ગુનાવાળી જગ્યાના પંચનામાથી પુરવાર થતુ નથી જેથી પણ ફરીયાદીની ફરીયાદને સમર્થન મળતુ નથી. વધુમાં આ કામે આંક-૩૫ થી તપાસેલ સાહેદનો પુરાવો જોતા સદર બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી કે બનાવ અંગેની તેઓને કોઇ જાત માહીતી નહી હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે આંક-૪૮ તથા આંક-૫૦ થી તપાસેલ મુદ્દામાલ રીકવરી પંચો સાહેદો ફરીયાદીની ફરીયાદ હકીકતથી વિમુખ જુબાની આપતા હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને સદરહું પંચ સાહેદોના પુરાવા ઉપરથી પણ ફરીયાદને સમર્થન મળતુ નથી. જેથી પણ સદર પંચ સાહેદોનો પુરાવો માનવા લાયક જણાઇ આવતો નથી. વધુમાં આ કામે આંક-૫૧ થી તપાસેલ તપાસ કરનાર અમલદારની જુબાની જોતા તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ, ફરીયાદી તેમની ફરીયાદમાં તથા સરતપાસમાં અલગ અલગ હકીકતો જણાવતા હોઈ ત્યારે ખરેખર હાલના આરોપી એ ચોરી કરેલ હોય અને બીજા આરોપીએ વેચી દીધેલ હોય કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે. આમ ફરીયાદ પક્ષે ઉપરોકત જે સાહેદો તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાથી ફરીયાદ હકીકતને કે ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું ન હોઈ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. જો કે ચોરી સબંધેના ગુનામાં મોટા ભાગે નજરે જોનાર સાહેદ હોતા નથી, ચોરીનો ગુનો સંયોગિક પુરાવા ઉપર આધારીત ગુનો હોય છે. અને આ કામે ઉપરોક્ત

તમામ પુરાવો જોતાં એવા કોઈ સંજોગો જણાઈ આવતા નથી કે જેથી કરીને આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. વધુમાં આ કામે જે પંચ સાહેદનો પુરાવો જોતા આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને ત્યાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે આરોપીઓ પાસેથી મુદામાલ રીકવરી કરવામાં આવેલ હોય તેવી હકીકત પંચ સાહેદના પુરાવાથી પુરવાર માની શકાય તેમ નથી. જેથી ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી. આમ ફરીયાદ પક્ષના ઉપરોકત તમામ પુરાવાથી હાલના આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

**(૧૪).** આ સિવાય રેકર્ડ જોતાં, આ કામે આંક–૧૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૪૯ થી મુદ્દામાલ રીકવરી પંચનામું રજુ કરેલ છે. પરન્તુ બનાવમાં આરોપીઓને સાંકળવા માટેના મૌખિક પુરાવાના અભાવે, આ દસ્તાવેજી–પુરાવો પણ બહુ મહત્વના રહેતા નથી અને આ દસ્તાવેજો માત્ર કોરોબરેટીવ પીસ ઓફ એવીડન્સ હોય જેથી જ્યાં સુધી બનાવ વખતે હાજર સાહેદના પુરાવા આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે રેકર્ડ ઉપર આવે નહીં ત્યાં સુધી આ દસ્તાવેજોના આધારે ગુનો પુરવાર થયેલ હોવાનું માની શકાય નહીં કે આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે આ દસ્તાવેજો પુરતા નથી. ખાસ કરીને કે જ્યારે આ કામના ફરીયાદી અને સાહેદે પોતે આરોપીઓને આક્ષેપિત ગુના સાથે સાંકળવા માટે ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ ઉપરોક્ત પુરાવો પણ આરોપીઓને હાલના ગુન્હા સાથે સાંકળવા પુરતો જણાઈ આવતું નથી.

**(૧૫)** વધુમાં કેસનું રેકર્ડ જોતા આ કામના આરોપીઓએ જ ચોરી કરેલ હોય તે બાબતે ફરીયાદીએ પોતાના પુરાવામાં કોઈ સચોટ આધાર પુરાવા કે તે સબંધે કોઈ નજરે જોનાર સાહેદનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ જોતા તેઓએ આ બનાવ બનતાં નજરે જોયેલ ન હોવાનું સ્વીકારેલ છે. તેવી જ રીતે આ કામે તપાસાવામાં આવેલ અન્ય સાહેદોનો પુરાવો જોવામાં આવે તો બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી અને બોરનો કેબલ વાયર કોણ ચોરી ગયેલ તેની તેઓને ખબર નહી

હોવાનું જણાવેલ છે. આ સદરહું સાહેદોની જુબાની પરથી એ સ્પષ્ટ થાય છે કે સદર બનાવ નજરે જોયેલ હોય કે કોઈ ઈસમને ચોરી કરતાં જોયેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. આમ ફરીયાદ પક્ષે ઉપરોકત જે સાહેદો તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાથી ફરીયાદ હકીકતને કે ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું ન હોઈ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. જો કે ચોરી સબંધેના ગુનામાં મોટા ભાગે નજરે જોનાર સાહેદ હોતા નથી, ચોરીનો ગુનો સંયોગિક પુરાવા ઉપર આધારીત ગુનો હોય છે. અને આ કામે ઉપરોક્ત તમામ પુરાવો જોતાં એવા કોઈ સંજોગો જણાઈ આવતા નથી કે જેથી કરીને આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. વધુમાં આ કામે જે પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તે તમામ પંચ સાહેદો પંચનામાઓની હકીકતને સમર્થન કરતા અને તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે. તેવા સંજોગોમાં આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને ત્યાંથી મુદામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે આરોપીઓએ વેચાણ કરેલ હોય અને આરોપીઓ પાસેથી મુદામાલ રીકવરી કરવામાં આવેલ હોય તેવી હકીકત પણ ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી પુરવાર માની શકાય તેમ નથી. આમ, આ સાહેદોના પુરાવાથી પણ એ હકીકત જણાઈ આવે છે કે ફરીયાદીને બનાવ બાબતે કોઈ જાત માહીતી નથી. જેથી ફરીયાદી તથા સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી. આમ ફરીયાદ પક્ષના ઉપરોકત તમામ પુરાવાથી હાલના: આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

**(૧૬)** આમ, ફરીયાદી તેમજ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી અને ફરીયાદી તેમજ સાહેદની જુબાની જોતા આરોપીઓ વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી. આમ, ઉપરોક્ત હકીકત જોઇએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીઓને તકસીરવાન ઠરાવાય નહિ. આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનું આ જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. તે જોતા, **In the case of Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR**

**1984 SC 1622, the Apex Court has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:**

**i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;**

**ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;**

**iii. The circumstances should be of conclusive nature and tendency;**

**iv. They should exclude every possible hypothesis except the one to be proved; and**

**v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.**

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટનું રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય. આમ, ફરિયાદપક્ષે આરોપીઓ સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેવી હકીકતમાં ઉપરોક્ત કરેલ ચર્ચા રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ ઉપરોક્ત મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ આખરી

હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** આ કામના આરોપીઓ નામે **(૧). અજય ગાભાજી ગલબાજી ઝાલા, ઉ.વ.૨૪, રહેવાસી :– રામપુરા, ચાંદાપાટી, તા.ચાણસ્મા, જી.પાટણ, (૨). અજીતભાઈ અશોકભાઈ કેશાભાઈ દેવીપુજક, ઉ.વ.૨૨, મુળ રહેવાસી :– ખાંભેલ, તા.બેચરાજી, જી.મહેસાણા** નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૩(૨), ૩૧૭(૨) તથા ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ (૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે જો અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો તેની માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓના અગાઉના જામીન તથા જાત મુચરકો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

હુકમ આજ તારીખ **૧** લી, માહે– **ઓગષ્ટ** , સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૮/૨૦૨૬
ચાણસ્મા

**(આર.એમ.ચાવડા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ચાણસ્મા
**(જીજે–૦૧૫૨૪)**